# સમર્પણ મુકબધીર શાળાનાં ગૃહપતિના ઘરમાં આગ...!

## બપોરે શોર્ટ સર્કીટથી લાગેલી આગમાં ઘરવખરી બળીને ખાખ : કોઈને ઈજા કે જાનહાની નહીં

ગાંધીનગર, તા.૨૬

શહેરનાં સે-૨૮ ખાતે સરકારી આવાસમાં રહેતા સમર્પણ મુકબધીર શાળાનાં ગૃહપતિના મકાનમાં આજે બપોરના અરસામાં અચાનક શોર્ટ



સર્કીટથી આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ થતાં તાબડતોબ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી.સદભાગ્યે આગ દુર્ઘટનામાં કોઈને ઈજા કે કોઈ જાનહાની થવા પામી નથી. જો કે આગમાં ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ જતાં મોટું નુકશાન થવા પામ્યું છે.

મળતી માહિતી મુજબ આજે બપોરે દોઢેક વાગ્યાના અરસામાં સે-૨૮ બ્લોક નં. ૧૦૫/૨ ખાતે રહેતા સમર્પણ મુકબધીર શાળાના ગૃહપતિ દિલીપભાઈ કે બરંડાના મકાનમાં આગ ભભુકી ઉઠી હતી. આગ અંગે ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને ફાયર ફાયટરની મદદથી આગને કાબુમાં લઈ લીધી હતી. આ આગના બનાવમાં ઘરનું ફ્રીઝ તથા અન્ય ઘરવખરીનો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ જતાં મોટું નુકશાન થયું છે. જો કે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની કે દાઝયાનો બનાવ બનવા પામ્યો નથી.

# ચ માર્ગ પર શનિવારે બે અકસ્માત

શહેરના ચ રોડ ઉપર આજે એક કલાકના સમયગાળામાં બે અકસ્માત થવા પામ્યા હતા. અકસ્માતમાં સદનશીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી પરંતુ કારને મોટા પ્રમાણમાં નુકશાન થયું છે.

ચ રોડ ઉપર આવેલ પંચદેવ મંદિર સામે આજે બપોરના સમયે અકસ્માત થવા પામ્યો હતો. રોડ ઉપર આવી રહેલી મહિન્દ્રા એકસ.યુ.વી. કારનો ચાલક એકિટવા ચાલકને બચાવવા જતા કાર ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાઈ હતી. કાર ધડાકાભેર અથડાવાથી કારનુંટાયર ફાટી ગયું હતું. સદનશીબે કાર ચાલક અને એકિટવા ચાલકનો આબાદ બચાવ થયો હતો. ત્યાર બાદ ચ રોડ પર બી.એસ.એન.એલ. ઓફિસ સામે એક ફોર્ડ ફીગો કાર ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેમાં કારના આગળના ભાગનો ડૂચો વળી ગયો હતો. આ અકસ્માતમાંપણ ચાલકનેસામાન્ય ઈજા થવા પામી હતી.

નગરમાં અકસ્માતોનુંપ્રમાણ વધી રહ્યુંછે. ટ્રાફિક પોલિસ દ્વારા અનેક વખત ટ્રાફિક જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવે છે છતાં પણ અકસ્માતો ઘટવાનું નામ લેતા નથી. આના માટે કયાંકને કયાંક ચાલક પણ જવાબદાર હોય તેવુંઅવશ્ય જણાય છે.

# સેક્ટર-૧૭ આંતરિક રોડની સમસ્યાનું નિરાકરણ લાવવા વસાહત મંડળની માંગ

ગાંધીનગર, તા. ૨૬

સેક્ટર-૧૭માં તુટી ગયેલા આંતરિક રોડને પુનઃ નવા બનાવવા માંગ ઉઠી છે. પાંચ વર્ષ અગાઉ ફક્ત મેઈન રોડ બનાવવામાં આવ્યા હતા અને તે સમયે અંદરના રોડનું કાર્ય અધુરૂ છોડવામાં આવ્યુંહતું. રાજધાની વસાહત મંડળના પ્રમુખે આંતરિક રોડનું કાર્ય શરૂ કરવા માંગ કરી છે.

રાજધાની વસાહત મંડળ ગાંધીનગરના પ્રમુખ રજુજી ગોલે સેક્ટર-૧૭ના મેઈન શોપિંગ સેન્ટર, સહિત સરકારી ક્વાટર્સમાં જવાના આંતિક રસ્તાઓનું નવિનિકરણ કરવાની માંગ કરી છે. સેક્ટરમાં આંતરિક રોડની હાલત બિસ્માર થઈ ગઈ છે. રોડ ઉપર વાહન લઈને નીકળતા વાહનો સ્લીપ થવાના બનાવો બને છે.

હાલમાં જ જૂના સેક્ટરોમાં રસ્તાઓનું નવિનીકરણ કરવામાં આવ્યું જેમાં મોટાભાગના સેક્ટરમાં સંપૂર્ણરીતે નવા રોડ બનાવવામાં આવ્યા. પરંતુ સેક્ટર-૧૭માં મેઈન રોડ બનાવ્યા પણ આંતરિક રસ્તાઓની સમસ્યા ઠેરની ઠેર રહી.

સેક્ટર-૧૭ મેઈન શોપિંગ સેન્ટર, નવરાત્રી ચોકમાં રસ્તાઓના લેવલના ઠેકાણા નથી. ચોમાસા દરમિયાન આ જગ્યાએ મોટા પ્રમાણમાં પાણી ભરાઈ રહે છે. જ-ટાઈપ ચોકમાં જવા માટેનો રોડ એક ફૂટ પાણીમાં ડુબી જઈ અદશ્ય થઈ જાય છે ત્યારે લેવલ વગરના રોડને પુનઃ નવા વાઘા પહેરાવી સમસ્યાનું સમાધાન કરવા રજુજી ગોલે જણાવ્યું છે.

# રાયપુર કેનાલમાંથી આધેડનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો

## ડભોડા પોલીસે વાલીવારસ શોધવા તજવીજ શરૂ કરી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલ સાયફનમાંથી આજે અજાણ્યા આધેડનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા પોલીસ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તેની ઓળખ માટે તથા વાલીવારસ સુધી પહોંચવા માટેતજવીજ શરૂ કરવામાં આવી છે.

રાયપુર સાયફનમાં અજાણ્યા પુરૂષનો મૃતદેહ તણાઈ રહ્યો હોવાની માહિતી મળતાં ડભોડા પોલીસમથકનાં જમાદાર બાબુભાઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં તેની ઓળખ થાય તેવા કોઈ જ પુરાવા મળી આવ્યા ન હતા. આશરે ૪૫ વર્ષની વયના આધેડના શરીરે કાળુ જીન્સ અને લાલ સર્ટ હતો. બિનવારસી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ડભોડા પોલીસે અકસામાત મોતનો ગુનો દાખલ કરી તેની ઓળખ માટે તથા વાલીવારસની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે. તે ઉપરાંત આધેડના મૃત્યુનું કારણ બહાર લાવવા પણ તજવીજ શરૂ કરી છે.

# કોટેશ્વર ગામની બે વિઘા જમીન પચાવી પાડવાનો કારસો

## પરષોત્તમ ચિમનાણી સામે છેતરપીંડીની ફરીયાદ દાખલ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક આવેલા કોટેશ્વર ગામની સીમમાં સ્થિત બે વિઘા જમીન પચાવી પાડવાનો કારસો ઘડી છેતરપીંડી આચરી હોવાની પોલીસ ફરીયાદ ખેડૂતે સેક્ટર-૭ પોલીસમથકે નોંધાવી છે. પોલીસે પરષોત્તમ ચિમનાણી સામે છેતરપીંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કોટેશ્વર ગામના સ્વામીનારાયણ મંદિર પાસે રહેતા ખેડૂત રતિલાલ મણિલાલ પટેલે સેક્ટર-૭ પોલીસ મથકમાં અમદાવાદ સઈજપુર બોઘા વિસ્તારના પરસોત્તમ છેલકુમલ ચિમનાણી નામના શખ્સ સામે છેતરપીંડીની ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં ઉલ્લેખ કર્યા મુજબ પરષોત્તમ ચિમનાણીએ કોટેશ્વર ગામની સર્વે નં. ૨૭ વાળી બે વિઘા જમીન પચાવી પાડવા એચ.એફ. મીઠાવાલાના નામે ખોટો સિક્કો બનાવી ખોટા રજીસ્ટ્રેશન નંબર લખી સહભાગીદારી હક્ક ઉભો કરી દીધો છે અને કરોડોની કિંમતની બે વિઘા જમીન હડપ કરી લેવા કારસો ઘડી છેતરપીંડી આચરી છે. આ બનાવ અંગે રતિલાલ પટેલની ફરિયાદને આધારે સે. ૭ પોલીસે પરસોત્તમ ચિમનાણી સામે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરૂ કરી છે.


# મુક્તિધામના શાંત વાતાવરણમાં મોડી રાત સુધી યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરે છે

## નગરની અન્ય લાયબ્રેરીઓની સાથે મુક્તિધામ પુસ્તકાલય પણ પસંદગીનું સ્થળ બન્યું : મુક્તિધામ પુસ્તકાલયના સંચાલકોએ રાત્રે વિદ્યાર્થીઓ માટે નાસ્તાની વ્યવસ્થા કરી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર આજકાલ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે રાજ્યનું મુખ્ય મથક બની ગયું છે. અનેક એકેડેમીઓ અને કોચીંગ કલાસીસ દ્વારા આ પરીક્ષાઓ માટે હજારો વિદ્યાર્થીઓ-ઉમેદવારો કમર કસી રહ્યાં છે. ત્યારે નગરની લાયબ્રેરીઓ તેમના વાંચન માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. તાજેતરમાં જ સે. ૩૦ના અંતિમધામ મુક્તિધામ ખાતે એક પુસ્તકાલયનો પ્રારંભ કરાયો છે. ત્યાં ખુબ મોડી રાત્રી સુધી





આ વિદ્યાર્થીઓ તૈયારીઓ કરવા સઘન વાંચનકાર્ય કરતા નજરે ચઢે છે. મુક્તિધામના સત્તાવાળાઓ તરફથી આ વિદ્યાર્થીઓ માટે ખાસ સવલત કરવામાં આવી છે.

નગરના મુક્તિધામ ખાતે પ્રારંભ કરાયેલ લાયબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતા યુવાનો મોડી રાત્રી સુધી શાંત વાતાવરણમાં કોઈપણ જાતની અડચણ વિક્ષેપ વગર એક ચિત્તે વાંચી શકે તે માટે મોટી સંખ્યામાં આવે છે. આ પુસ્તકાલય વિદ્યાર્થીઓ માટે પસંદગીનું સ્થળ બનતુ જાય છે. મોડી રાત સુધી વાંચન કાર્ય કરતા વિદ્યાર્થીઓને જોઈ મુક્તિધામ લાયબ્રેરીના સંચાલકો અભિભૂત થઈ ગયા છે અને આ યુવાનોનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે રાત્રે તેમના માટે બિસ્ટીક વગેરેનો નાસ્તો પણ આપવામાં આવી રહ્યો છે. મુક્તિધામ ખાતે પીવાના ચોખ્ખા પાણીની વ્યવસ્થા તો છે જ વળી નીરવ શાંતિ ભર્યુ વાતાવરણ હોવાથી વિદ્યાર્થીઓ મન લગાવીને વાંચન કરી શકે છે. તેમાં પણ મુક્તિધામ પુસ્તકાલયના સંચાલકો દ્વારા હળવા નાસ્તારૂપે બિસ્કીટ વગેરેની વ્યવસ્થા કરતા યુવાનોમાં ઉત્સાહ વ્યાપી જવા પામ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં રાજ્યભરમાંથી ખુબ મોટી સંખ્યામાં યુવાનો, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે આવ્યા છે. જેઓ બે-ત્રણ માસ દરમ્યાન વિવિધ હોસ્ટેલ્સ, પેઈંગ ગેસ્ટમાં અથવા શેરીંગ રૂમમાં રહીને અભ્યાસ કરી રહ્યા છે. રહેઠાણના સ્થળે વાંચન કરવા માટે અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ ન હોવાથી આ વિદ્યાર્થીઓ નગરની લાયબ્રેરીઓમાં ધામા નાંખી અભ્યાસ કરી રહ્યા છે.

# જનકપુર-નેપાળ રામકથામાં છેતરપિંડી કરનાર પિતા-પુત્ર સામે સખત અને ઝડપી કાર્યવાહી કરવા આવેદનપત્ર પાઠવ્યું

## આજે સરદારબાગ લાલ દરવાજા ખાતે બેઠક યોજાશે

ગાંધીનગર,તા.૨૬

જનકપુર નેપાળમાં શ્રી રામકથાનું સ્વપ્ન બતાવી યાત્રીઓના નાણા ખંખેરનાર લોકવિચાર સેવા ટ્રસ્ટના સંચાલકો સામે કડક કાર્યવાહી કરવા સિનિયર સિટીઝન સમિતિ દ્વારા મુખ્યમંત્રી સહિત પદાધિકારીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આજે અમદાવાદમાં એક બેઠક યોજાશે.

અમદાવાદની લોક વિચાર ટ્રસ્ટના સંચાલક પિતા પુત્રની જોડીએ જનકપુર-નેપાળ ખાતે રામકથાનું આયોજન કરી રદ કરવામાં આવ્યું હતું. કથામાં લઈ જવા માટે ૧૨૦૦ વ્યકિતઓ પાસેથી લાખ્ખો રૂપિયા પિતા પુત્રની જોડીએ ખંખેરી લીધા બાદ પરત આપવાનું નામ લેતા નથી.

ભોગ બનેલા યાત્રાળુઓનીકમિટી દ્વારા ગત ૧૫ એપ્રિલના રોજ મુખ્યમંત્રી, ગૃહમંત્રી મુખ્ય સચિવ, ગૃહ સચિવ, વિરોધપક્ષના નેતા, ધારાસભ્ય, કલેકટર, મેયરને આવેનદપત્ર પાઠવ્યું હતું. તેમજ કાર્યવાહી ઝડપથી થાય તે માટે સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાન્ચને તપાસ સોંપવા રજુઆત કરી હતી.

આજે સોમવારે સવારે ૧૧.૦૦ વાગે અમદાવાદ લાલ દરવાજા પાસે સરદારબાદ ખાતે મિટીંગ યોજાશે. બેઠકમાં છેતરપિંડીનો ભોગ બનેલા તમામ યાત્રાળુઓને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. બેઠકમાં નેપાળ ભુકંપમાં ભોગ બનેલા નાગરિકોને શ્રધ્ધાંજલિ આપવામાં આવશે.




ગાંધીનગર ટાઉનહોલ ખાતે સમસ્ત ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા સમાજનાં વિકાસ વિચાર મંથન અંગેના કાર્યક્રમમાં સમાજનાં આગેવાનો સભ્યો-પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આર્શીવચન આપવા પરમ પૂજય મહામંડલેશ્વર ૧૦૦૮ વિશ્વભંર ભારતીબાપુ મહંતશ્રી ભારતી આશ્રમ, જુનાગઢ હાજર રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૨૧ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**

જય હો ડેમોક્રસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**

જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**

એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦
મિ.એક્સ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૭.૦૦
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૪૫
કાગઝ કે ફૂલ : ૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

## આપની આજ

**મેષ** : માનસિક શાંતિ જાળવી રાખવી. સંચિત ધનમાં વૃદ્ધિ થશે. ભાગ્યવર્ધક યાત્રાઓનું આયોજન થશે. ધાર્મિકક્ષેત્રમાં વિશેષ યાત્રાની સંભાવના છે.

**વૃષભ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

**કર્ક** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ ઉત્પન્ન થઈ શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**સિંહ** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : મનોરંજનમાં સમય પસાર થશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : આર્થિક સ્થિતિ સામાન્ય રહેશે. નકામો વાદવિવાદ ન કરવો. લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

**કુંભ** : બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. મેરાભાઈ સામંતભાઈ ભરવાડ (ઉ.વ.૨૨) મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. શાંતાબેન નારણભાઈ પટેલ (ઉ.વ.૯૦) એ/૩૦૨, પ્રમુખ સિગ્નેચર, રાયસણ, જી. ગાંધીનગર